# ડાંગર સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, ડભોઈ ખાતે ખેડૂત શિબીરનું આયોજન કરવામાં આવ્યું

ડાંગર સંશોધન કેન્દ્ર, મોડેલ ફાર્મ, ડભોઈ ખાતે નાયબ ખેતી નિયામક, નર્મદા યોજના કૃષિ વિંગ, વડોદરા દ્વારા આયોજીત ખેડૂત શિબીરનું તા ૧૩/૦૯/૨૦૨૧ ને સોમવારના રોજ ચુસ્તપણે કોવિડ-૧૯ ની ગાઈડલાઈનને પાલન કરતા આયોજન કરવામાં આવ્યુ હતું જેમાં ૭૧ જેટલા ખેડૂતભાઈઓ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમ અંતર્ગત અતિથિગણ એવા શ્રી અશ્વિનભાઈ વકિલ, શ્રી એ.એન. પંચભાઈ, શ્રી રમેશભાઇ સોલંકી, શ્રી શિવમ દવે, શ્રી જી. ડી. ઘેટિયા અને શ્રી સોહમભાઇ એ હાજરી આપી હતી.

નર્મદા યોજના કૃષિ વિંગ, વડોદરાના ખેતી અધિકારી, શ્રી એચ. એન. પ્રજાપતિ સાહેબ દ્વારા સ્વાગત પ્રવચન આપી મેહમાનોનું પુષ્પ ગુચ્છથી સ્વાગત કર્યું તથા કોરોનાની વૈશ્વિક મહામારીમાં અવસાન પામેલા આત્મીયજનોની શાંતિ માટે બે મિનિટનું મૌન રાખ્યું હતુ પ્રજાપતિ સાહેબશ્રીએ સહભાગી સિંચાઇ વ્યવસ્થાપન તથા સરકારશ્રીની વખતો વખતની યોજનાકીય માહિતી આપી હતી.

મોડલ ફાર્મ, ડભોઈના યુનિટ વડાશ્રી એજી.પંપાણીયા સાહેબે ડાંગરની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ તથા તેના અભિગમ વિષય ખેડૂતભાઈઓને માર્ગદર્શિત કર્યા હતા. તથા ડાંગરની નવી સુગંધિત જાત GAR-14 વાવેતર માટે ખાસ આગ્રહ રાખવા જણાવ્યું હતુ.

મોડલ ફાર્મ, ડભોઈ ખાતે કાર્યરત સિનીયર રીસર્ચ ફેલો, ડૉ. વિપુલ પટેલ સાહેબે ડાંગર પાકમાં લીફ કલર ચાર્ટના ઉપયોગથી ખાતર વ્યવસ્થાપન વિશે સમજુતી આપી. અને કચેરી ખાતે ચાલતી સરદાર સરોવર પ્રોજેક્ટ અંતર્ગત અપાતા વિવિધ નિદર્શનો અંગેની માહિતી આપી હતી.

મોડલ ફાર્મ, ડભોઈના ખેતી અધિકારી શ્રી ધનસિંગભાઈ રાઠવા સાહેબે ખેતી પાકોમાં જૈવિક ખાતરની ઉપયોગિતા અને જમીનની ફળદ્રુપતામાં વધારો કરવાનાં અભિગમ વિશે માહિતગાર કર્યાહતા.

બાગાયત અધિકારી, શ્રી એ.એન. પંચભાઈ સાહેબે ખેડૂતભાઈઓને બાગાયતી પાકમાં મળતી સહાયક યોજના વિશે માહિતગાર કર્યા હતા. જેથી ખેડૂતભાઈઓનું બાગાયતી પાકો તરફ રૂઝાન વધે અને વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાના લક્ષ્યાંક તરફ ડગમાંડી શકાય.

જી.જી.આર.સી. વડોદરાથી આમંત્રિત જુનિયર ઓફિસર, શ્રી રમેશભાઇ સોલંકી સાહેબે જણાવ્યુ કે જમીનના સારા સ્વાસ્થય માટે તથા ખેતી ખર્ચને ઘટાડવા માટે સુક્ષ્મ પિયત પધ્ધતિ એ આશીર્વાદ રૂપ છે. વધુમાં સુક્ષ્મપિયત પધ્ધતિ સહાયક યોજના હેઠળ મળતી હોવાથી ખેડૂતભાઇઓને વધુ ખર્ચ વેઠવો પડતો નથી.

ખેતીવાડી/સહકાર શાખા તાલુકા પંચાયત, ડભોઈના પ્રતિનિધી શ્રી અશ્વિનભાઈ વકિલ સાહેબ શ્રી સરકારશ્રીની યોજનો વિશે ખેડૂત ભાઈને માહિતગાર કર્યા. તથા ખેડૂતભાઈઓને ખેતીમાં મુઝવતા પ્રશ્નો ને ગંભીરતા પૂર્વક સાંભળી તેના નિરાકરણ લાવવાનો રદિયો આપ્યો.

ડૉ. વિપુલ પટેલ સાહેબે કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત સૌ મહાનુભાવ અતિથીગણ તથા જગતના તાત એવા ખેડૂતભાઈઓનુ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લેવા બદલ સૌનો હ્દયપૂર્વક આભાર માન્યો અને સ્વરુચિ ભોજન લઈ ફાર્મની મુલાકાત લઈ સૌ છુટા પડયા.


"ખેડૂત શિબિર"

"ખેડૂત શિબિર"




"ખેડૂત શિબિર"